પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૭૨ | ૧૩ ડિસેમ્બર, ૨૦૧૬, મંગળવાર ; માગશર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

તાપમાન
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૫૧ ટકા

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
34

ચેન્નાઈ તટે 'વરદા' ટકરાયું : ભારે વરસાદ

બેના મોત, ભારે વરસાદ : નેવી, એરફોર્સ અને આર્મીની મદદ લેવામાં આવી
અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થવાની ઘટના : વિજ પુરવઠો બંધ કરવામાં આવ્યો
ચેન્નાઈ એરપોર્ટમાં ઓપરેશન બંધ : એનડીઆરએફની ટીમો તૈનાત

ચેન્નાઈ, તા. ૧૨

બંગાળની ખાડીમાં ઉદ્‌ભવેલું ચક્રાવતી તોફાન વરદા ચેન્નાઈના ઉત્તરમાં સમુદ્ર તટ સાથે ટકરાઈ ગયું છે. આ તોફાનના કારણે આંધ્ર પ્રદેશ અને તમિળનાડુના તટીય વિસ્તારોમાં ભારે વેગીલા પવનો ફુંકાઈ રહ્યા છે. ભારેથી અતિ ભારે વરસાદ વરસી રહ્યો છે. અનેક સ્થળોએ વૃક્ષો તુટી પડ્યા છે. તમિળનાડુમાં આ તોફાનના કારણે બે લોકોના મોત થયા છે. આંધ્રપ્રદેશ અને તમિળનાડુમાં વરદાના તોફાનને ધ્યાનમાં લઇ આર્મી, નેવી અને એરફોર્સને હાઈલર્ટ પર મુકવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૧૬૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળોએ પહોંચાડવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર આ તોફાન આવનારા ચાર કલાકની અંદર પસાર થશે. આ દરમિયાન ચેન્નાઈ એરપોર્ટ પર તમામ પ્રકારના ઓપરેશન બંધ કરવામાં આવ્યા છે. તમિળનાડુ અને આંધ્રપ્રદેશમાં એનડીઆરએફની ૧૯ ટીમ તૈનાત છે. ૧૩૦થી ૧૪૦ કિલોમીટરની

● અનુસંધાન પાન-૭ પર

રેલવે દેશમાં પીઓએસ મશીન લગાવવા તૈયાર

નવી દિલ્હી, તા. ૧૨

નોટબંધીના નિર્ણય બાદ સરકાર કેશલેસ અર્થવ્યવસ્થા અપનાવવા પર ભાર મુકી રહી છે ત્યાં બીજી તરફ રેલવેએ પણ આજે દેશના દરેક ડિવિઝનમાં પીઓએસ લગાવવાનો નિર્ણય કર્યો છે જેથી કાઉન્ટર ઉપર પણ ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ દ્વારા પેમેન્ટનો સ્વિકાર કરી શકાય.

ભારતનો ભવ્ય વિજય : ટેસ્ટ શ્રેણી જીતી

મેન ઓફ ધ મેચ તરીકે ભારતીય કેપ્ટન વિરાટ કોહલીની પસંદગી : અશ્વિને ૧૬૭ રન આપી ૧૨ વિકેટ ઝડપી
કારકિર્દીનો શ્રેષ્ઠ દેખાવ : ૧૦ કે ૧૦થી વધું વિકેટો લેવામાં અશ્વિન હવે માત્ર સ્પીનર અનિલ કુંબલેથી પાછળ

મુંબઈ, તા. ૧૨

ભારતે ઈંગ્લેન્ડ સામે પોતાનો દબદબો યથાવત રાખતા ચોથી ક્રિકેટ ટેસ્ટ મેચના આજે અંતિમ દિવસે ઈંગ્લેન્ડને એક ઈનિંગ્સ અને ૩૬ રનથી હરાવી પાંચ મેચોની શ્રેણીમાં ૩-૦ની વિજયી સરસાઈ મેળવી શ્રેણી જીતી લીધી છે. અશ્વિને બીજી ઈનિંગ્સમાં ૫૫ રન આપી છ વિકેટ ખેરવતા ઈંગ્લેન્ડ ૫૫.૩ ઓવરમાં ૧૯૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. છેલ્લા દિવસે ભારતે માત્ર આઠ ઓવરમાં ચાર વિકેટ ઝડપીને જીતની ઔપચારિકતા પુરી કરી હતી. વિરાટની કેપ્ટનશીપમાં ભારતે સતત પાંચમી સીરીઝ જીતી છે. કોહલીને મેન ઓફ દ મેચ જાહેર કરાયો છે. અશ્વિને ગઈકાલે અને આજે પણ તેની ધારદાર બોલિંગ યથાવત જાળવી રાખી છે. ૯.૩ ઓવરના સ્પેલમાં ૧૫ રન આપી છ વિકેટ ઝડપી હતી. ઈંગ્લેન્ડે અંતિમ છ વિકેટ માત્ર ૧૫ રનમાં જ ગુમાવી હતી. આ મેચમાં અશ્વિને ૧૬૭ રન આપી ૧૨ વિકેટો ઝડપી હતી. તે સાત વખત મેચમાં ૧૦ અથવા તો ૧૦થી વધુ વિકેટ લેનાર બોલર

● અનુસંધાન પાન-૭ પર

દેશની ૫૦૦ બેન્કોમાં સ્ટિંગ ઓપરેશન સંપન્ન

બેંકોમાં ચાલતા ગોરખધંધાના અહેવાલ બાદ પીએમ નરેન્દ્ર મોદીએ બેકોમાં કરાવ્યુ ઓપરેશન : બેંકરોમાં ખળભળાટ

નવીદિલ્હી, તા.૧૨

વડાપ્રધાન મોદીએ નોટબંધી બાદ બેંકોમાં ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિઓની તપાસ માટે ગુપ્ત રાહે ૫૦૦થી વધુ પ્રાઈવેટ અને સરકારી બેંકોની શાખાની રેકી તથા સ્ટિંગ ઓપરેશન કરાવ્યાના મીડિયા અહેવાલ સામે આવ્યા છે. સુત્રોનું માનીએ તો નાણાં મંત્રાલય પાસે આવા સ્ટિંગ ઓપરેશનની આશરે ૪૦૦ સીડી પહોંચી પણ ચૂંકી છે અને સરકાર આવી બેંકો અને તેના અધિકારીઓ પર આકરા પગલા લેવાની તૈયારી કરી રહી છે. અહેવાલો પ્રમાણે આ સીડીમાં બેંક કર્મચારીઓ, દલાલો અને કૌભાંડીઓ દ્વારા બેંકમાંથી જ પરબારા નાણાં બદલીના ખેલના સબુત પણ સાંપડ્યા છે. રેવન્યુ ઈન્ટેલિજન્સનું માવનું છે કે જો બેંકોમાં ગેરરીતી આચરવામાં ન આવતી હોય તો લોકો આ પ્રકારની તકલીફ પડી શકે નહીં. જેથી સરકારે પોતાના ગુપ્તચર વિભાગને આ દેશવ્યાપી કૌભાંડના પર્દાફાશની જવાબદારી સોંપી છે. ત્યારે હવે સરકાર પ્રાઈવેટ કે સરકારી બેંકો સાથે જોડાયેલા એવા મોટા અધિકારીઓની સામે પણ કાર્યવાહી કરવા તૈયારી કરી છે જેમણે

● અનુસંધાન પાન-૭ પર

WE CARE Hi Tech HOSPITAL

આજે
હાઈ-ટેક હોસ્પિટલ ખાતે
ફ્રી...ફ્રી...ફ્રી...
હાડકામાં કેલ્શિયમની તપાસ
DEXA/(BMD)નો કેમ્પ

- BMD (Bone Mineral Density)થી હાડકામાં રહેલા કેલ્શિયમનું પ્રમાણ જાણી શકાય છે. તેનાથી હાડકાની મજબુતી જાણી શકાય છે.
- કેલ્શિયમની તપાસ અનિવાર્ય છે, જે...
- ૪૦ વર્ષથી કે તેથી વધુ ઉંમરની વ્યક્તિઓ માટે જરૂરી છે.
- કાયમ રહેતા પગના કે કમરનાં દુઃખાવા માટે જરૂરી છે.
- કેલ્શિયમની તપાસ કરવાથી ઓસ્ટીઓપોરોસીસ અને હાડકાને લગતા બીજા રોગોનું સમયસર નિદાન અને સારવાર થઈ શકે છે.
- શરૂઆતના તબક્કે કેલ્શિયમ તથા અન્ય મિનરલ લેવાથી ઓસ્ટીઓપોરોસીસને કાબુમાં લઈ શકાય છે.

કેમ્પ તારીખ : ૧૩/૧૨/૨૦૧૬
સમય : સવારે ૧૦.૦૦ થી બપોરે ૨.૦૦ વાગ્યા સુધી
: ડોક્ટરનું નામ :
ડો.વિજય ઉપાધ્યાય / ડો.મહિપતસિંહ પરમાર / ડો.બ્રિજેશ પટેલ
સ્થળ : હાઈ-ટેક હોસ્પિટલ, ઘ-૧II પાસે, સેક્ટર-૩, ગાંધીનગર
: રજીસ્ટ્રેશન માટે કોન્ટેક્ટ નંબર :
૦૭૯-૨૩૨૪૦૫૫૫ ● મો. ૯૨૨૮૦૩૦૫૫૫

પાકિસ્તાન એક આતંકવાદી દીઠ ૧ કરોડ રૂપિયા ચુકવે છે

પાકિસ્તાનમાં પ્રતિબંધિત ત્રાસવાદી સંગઠનો પીઓકેમાં કઈપણ કરી શકે છે : જમ્મુ-કાશ્મીર અમન ફોરમના નેતા સરદાર રઈસ ઈકબાલીનો ઘટસ્ફોટ

જમ્મુ, તા. ૧૨

એક તરફ પાકિસ્તાન સીસ ફાયરનું ઉલ્લંઘન કરી ભારતની સીમા ઉપર વારંવાર ગોળીબાર કરી રહ્યું છે ત્યારે બીજી તરફ પાકિસ્તાન દ્વારા આતંકવાદને પ્રોત્સાહિત કરવા માટે શું શું કરવામાં આવે છે તેનો એક ચોંકાવનારો ઘટસ્ફોટ થવા પામ્યો છે. જેમાં આતંકવાદીઓને એલઓસી પાર કરવા માટે આતંકવાદી દીઠ એક કરોડ રૂપિયા આપવામાં આવે છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ છેલ્લા ઘણા સમયથી ખાસ કરીને જમ્મુ-કાશ્મીરના સરહદી વિસ્તારમાં પાકિસ્તાન બે પ્રકારે ભારતને સતત ભીંસમાં લેવાના પ્રયાસો કરી રહ્યું છે. જ્યાં એક તરફ તે નિયંત્રણ રેખા પાર કરાવીને ગમે તે ભોગે આતંકવાદીઓને ભારતમાં ઘુસાડી ભારતમાં હિંસા ફેલાવવાના પ્રયાસમાં તે આમ કરી રહ્યું છે. આ સાથે જ પાકિસ્તાની સૈન્ય દ્વારા પણ વખતો વખત સીસ ફાયરના ઉલ્લંઘન કરવામાં આવે છે. જેને લઈને સરહદ ઉપર વસતા ગ્રામવાસીઓને સતત ભયના ઓથાર હેઠળ જીવવું પડે છે. બહાર આવેલી વિગતો અનુસાર પાકિસ્તાન દ્વારા એક આતંકવાદીને એલઓસી દ્વારા ભારતમાં ઘુસાડવા માટે એક કરોડ રૂપિયા આપવામાં આવે છે. આ દાવો પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

THANK YOU INDIA CELEBRATING 7 MILLION CARS
HYUNDAI NEW THINKING. NEW POSSIBILITIES.
HYUNDAI DECEMBER DELIGHT CARNIVAL
અગાઉ ક્યારેય ન મેળવી હોય તેવી અકલ્પનીય ઓફર
દરેક ડિલીવરી પર મેળવો નિશ્ચિત ગોલ્ડ કોઈન
જલ્દી કરો, આ ઓફર 15th ડિસેમ્બર ૨૦૧૬ સુધી.
Buy Before Price Hike
૧૦૦% ઓન-રોડ ફાઈનાન્સ
તમારી જુની કાર નું ફ્રી મુલ્યાંકન
આકર્ષક એક્ષચેન્જ સ્કીમ
ન્યૂનતમ વ્યાજ દર

₹35,000* સુધીના* લાભો ICOTY INDIAN CAR OF THE YEAR 2015
₹91,000 સુધીના* લાભો ICOTY INDIAN CAR OF THE YEAR 2014
5 વર્ષ જૂની કિંમત~ ₹2.79 લાખ ₹60,000* સુધીના* લાભો BEST ENTRY COMPACT CAR IN INITIAL QUALITY, 2015

સુધીના કુલ લાભો	i10	Xcent	Verna	Santa fe
	₹ 53,000*[P] At 5 year old price~	₹ 52,000*[P] ₹ 42,000*[D]	₹ 1,00,000*[P/D] Special price~ at ₹6.99 Lacs	₹ 2,00,000*[D]

All Showrooms Open till 10:00 PM
એશ્યોડ ઓફર ₹10,000* સુધી. કોર્પોરેટ અને સરકારી કર્મચારીઓ માટે (રીટાયર્ડ અને કાર્યરત)
વધુ વિગતો માટે, 08040751740 પર મિસ્ડ કોલ કરો
PRIDE OF India Exclusive offer for Govt.Employees | HCARE to 54242 | PROMISE | SMS Hyundai to 56677, for Test Drive | 24x7 Road Assist. 1800 102 4645, 0124 256 4645 | To know more SMS "Hyundai <space> Win" to 56677 Special offers for rural customers on Eon, i10, Grand (D) and Xcent.
Complete peace of mind with 1146 nationwide service outlets and 897 sales points across 670 cities.
*Terms & Condition apply. Features & specification as shown may not be part of standard fitment & are subject to change without prior notice. *Ex Showroom Ahmedabad Price. *Prices Very from region to region/LBT/Octroi etc. Hyundai urges you to follow traffic rules these meant to keep you safe on roads. For complete terms & conditions please contact your nearest dealers. * Lower Maintenance cost of periodic maintenance. *
For any bulk/corporate inquiry kindly contact at anujsirohi@hmil.net
PUNJAB HYUNDAI - Ph.: 079 - 78200 03300
Plot No. 1004/A, Sector 28, GIDC, Opp. DSP Office, Gandhinagar | 2/5, Umiya Tirth Ville, Nr. Gayatri Mandir, Mahesana Highway, KALOL. M.: 98250 12126 | Nr. Atithi Hotel, Opp. Ashirwad Hospital, DEHGAM. M.: 99250 42700